સમસ્ત ખરક જ્ઞાતિનું ઇ-માસિક પત્ર

# ખરક સમાજ દર્પણ

તંત્રી : આનંદ સેતા

કાર્યાલય : ૩૭, મહાલક્ષ્મી, વી.ટી.નગર, મહુવા - ૩૬૪ ૨૯૦.

E-mail : kharaksamajdarpan@gmail.com / Mo. 99254 87956

વર્ષ : ૨ | ફેબ્રુઆરી - ૨૦૨૨ | અંક : ૨ (પેઇજ : ૬)

## તંત્રી સ્થાનેથી



સુજ્ઞ જ્ઞાતિજનો નમસ્કાર... પ્રથમ એક સરસ વાત

એક મિત્રે શહેરની બહાર વિક હેન્ડ હોમ તરીકે સરસ બંગલો બંધાવ્યો. બંગલો થોડી ઊંચાઇ પર હતો અને મેન ગેટથી બંગલાના દરવાજા સુધી પહોંચવા માટે સાત નાનાં પગથિયાં ચઢવાનાં હતાં. સરસ વાત એ હતી કે બંગલાનું નામ હતું 'આનંદ' અને બંગલાના મેન ગેટ પર લખ્યું હતું 'સાત પગલાં આનંદ તરફ' અને દરેક પગથિયાં પાસે એક કલાત્મક બોર્ડમાં સરસ વાતો લખી હતી.

પહેલા પગથિયે લખ્યું હતું... તમારા ભૂતકાળ સાથે સુમેળ સાધી સ્વીકાર કરી લો, જેથી તે તમારું ભવિષ્ય ન બગાડી શકે. ગઇ કાલને ભૂલવાથી આજ અને આવતી કાલ બંને સુધરે છે. બીજા પગથિયે લખ્યું હતું... લોકો તમારા માટે શું વિચારે છે તે વિષે વિચારવું એ તમારું કામ નથી. લોકો તમારી મુશ્કેલીઓ અને ઇરાદાઓ અને આવડત બધું જ જાણતા નથી. ત્રીજા પગથિયે લખ્યું હતું... સમય એક એવો ડોકટર છે જેની પાસે દરેક દર્દની દવા છે. સમય નાનો મોટો તનનો કે મનનો દરેક ઘા રૂઝાવી શકે છે. બસ સમયને થોડો સમય આપો. ચોથા પગથિયે લખ્યું હતું... તમારી ખુશીઓનું કારણ બીજું કોઇ જ નહી પણ તમે પોતે છો. તમારી ખુશીઓને સ્વાવલંબી રાખો તેને અન્ય કોઇ પર આધારિત ન બનાવો. પાંચમાં પગથિયે લખ્યું હતું... તમારા જીવનને અન્ય કોઇના જીવન સાથે સરખાવો નહિ, કારણ કે તમે તેમની સફર વિષે કંઇ જાણતા નથી. છઠ્ઠા પગથિયે લખ્યું હતું... વધુ પડતું વિચારવાનું છોડો, જરૂરી નથી કે તમને બધી જ ખબર હોવી જોઇએ. તમને કોઇ પ્રશ્નનો જવાબ ન આવડતો હોય તો વાંધો નહિ. સાતમા પગથિયે લખ્યું હતું... હસતા રહો અને હસાવતા રહો, કારણ કે દુનિયાની બધી તકલીફો તમારી નથી. જે તમારી તકલીફો છે તેનો પણ હસતા હસતા સામનો કરવાથી તે આસાન થઇ જશે. આ સાત પગથિયાં પૂરાં થતાં 'આનંદ' બંગલાનો દરવાજો આવતો હતો, જે દરવાજા પર લખ્યું હતું 'હસતા રહો... બધાને ચાહતા રહો... આગળ વધતા રહો. ખુશીઓના મહેલમાં તમારું સ્વાગત છે.' સુંદર શબ્દોની રમત અને સુંદર શબ્દોના દરેક વળાંકમાં દરેક પગથિયે જીવનમાં સાચો આનંદ મેળવવાના સરળ અને સરસ રસ્તા ટૂંકમાં સમજાવ્યા હતા. જીવનમાં સાચા આનંદ તરફ લઇ જતા આ સાત પગથિયાં પર લખેલા સંદેશાને જે વાંચીને સમજીને જીવનમાં ઉતારી લે તે ચોક્કસ આનંદ સુધી પહોંચી સાચી ખુશી માણી શકે ચાલો, હજી ફરીથી બે વાર વાંચીને યાદ રાખી લો અને જીવનમાં આગળ વધો, ખુશીઓ તરફ. **બીજી વાત...** સમસ્ત ખરક જ્ઞાતિની વસ્તી ગણતરીનું કામ શરૂ છે. આજે દરેક ઘરમાં બેથી ત્રણ વ્યકિત ભણેલી અને સ્માર્ટ મોબાઇલ વાપરનારી છે. તો માત્ર આંગળીના ટેરવે તમે જ્ઞાતિના વસ્તી ગણતરીના મહા પ્રોજેકટને પાર પાડવા ૧૦ મીનીટ ફાળવશો તો આપણું કામ સરળ થશે. તમારી આળસ અથવા અવગણના જ્ઞાતિમાં પ્રથમવાર થતાં આ મોટાકામને વિલંબમાં નાખી શકે. આપણી માહિતી એકત્ર થઇ જાય પછી 'ખરક સમાજ દર્પણ' સોફટવેર / એપ દ્વારા તમે વ્યકિત, ગામ, વ્યવસાય, વેવીશાળ, અભ્યાસ બેરોજગારી કે સંપર્ક માત્ર કિલક કરી મેળવી શકશો. પરંતુ આપ પાસે આવેલ ફોર્મ તુરંત ભરી નક્કી કરેલ સ્થળે કે વ્યકિતને અવશ્ય પહોંચાડો. આપની માહિતીની ગોપનિયતા જળવાશે જ તેમાં શંકા નથી. બીજુ માહિતી આપનાર જ લોગીન કરી શકશે. તેથી તમે સાથ આપો, સાથે રહો. વ્યવસાય ડિરેકટરી અલગથી ડિજિટલ સ્વરૂપે તૈયાર થઇ રહી છે તો તેમાં તમારા વ્યવસાયની વિગત પાછળ આપેલ લીંક દ્વારા અવશ્ય ઉમેરશો. આભાર.

**આનંદ સેતા** તંત્રીશ્રી, ખરક સમાજ દર્પણ, મહુવા

## કરલો દુનિયા મુઠ્ઠીમેં
(વિદેશ વસતા જ્ઞાતિબંધુઓ)



નામ : વિમલેશ લવજીભાઇ પટેલિયા
પિતા : લવજીભાઇ અરજણભાઇ પટેલિયા
વતન : તરેડ, તા. મહુવા.
શિક્ષણ : બેચલર ઓફ એન્જિનિયરીંગ (મિકેનિકલ)
હોદ્દો : સિનિયર ડિઝાઇન એન્જિનિયર, ટોયો પમ્પ્સ નોર્થ અમેરિકા એલએલસી
કૌટુંબિક માહિતી : શિતલ પટેલિયા (પત્નિ)
શિક્ષણ : L.L.B (B.Com) and Diploma (International Law)
હોદ્દો : એકાઉન્ટ પેયેબલ/આર.જી.ઓ. (ફાઇનાન્સ) ડિજીકોમ ઇન્ટરનેશનલ ઇન્ક.
વર્તમાન સરનામું : 7423, S Mobile St, Aurora, CO 80016, USA
સંપર્ક નંબર : +૧ -(૭૨૦)-૪૧૬-૮૬૦૯
કુલ અનુભવ : ૧૫ વર્ષ
યુએસએમાં : ૨૦૧૫ થી

## સલામ



નામ : પટેલિયા ચિરાગ
પિતા : ધીરૂભાઇ રામજીભાઇ
વતન : ભુંભલી.
અનુભવ : ૩ વર્ષ
જ.તા. ૧૭/૭/૧૯૯૯
મો. નં. ૭૨૨૭૦ ૮૯૭૨૨
અભ્યાસ : ધો. ૧૨ પાસ
કાર્યક્ષેત્ર : બારમેર (રાજસ્થાન) હાલ નાગપુર, અહેમદનગર

સંદેશ : બસ યે બાત હવાઓં કો બતાયે રખના.
રોશની હોગી, ચિરાગ કો જલાયે રખના.
લહુ દેકર ભી જિસકી હિફાજત કી શહીદોને
ઉસ તિરંગે કો સદા દિલમેં બસાયે રખના.

## જ્ઞાતિ સંમેલન



## અભિનંદન



તળાજા : મહુવાના વતની ડૉ. વિનયભાઇ કરશનભાઇ કોરડિયાના પુત્ર આદિત્યે ધો. ૬ની પ્રવેશ પરીક્ષા સૈનિક શાળા બાલાચડીમાં સમગ્ર ગુજરાતમાં ૩૦૦માંથી ૨૬૧ માર્ક લાવી તૃતિય સ્થાન મેળવ્યું છે. ૪૦૦૦ વિદ્યાર્થીઓ માંથી માત્ર ૫૬ વિદ્યાર્થી લેવાના હોય પરીક્ષામાં સ્પર્ધા વધુ રહે છે. છતાં યાસિન સર એકેડમી તળાજાના પ્રયત્નોથી આ સફળતા મળી છે. જ્ઞાતિ ગૌરવ સમા આદિત્ય કોરડિયાને ખરક સમાજ દર્પણ ખૂબ અભિનંદન પાઠવે છે.



ભુંભલી : ખીમાણી નરેશભાઇ રાણાભાઇ હરખાભાઇએ તાજેતરમાં GPSCC (AIMV) ની આસીસ્ટન્ટ ઇન્પેક્ટર ઓફ મોટર વ્હીકલની પરીક્ષામાં સમગ્ર ગુજરાતમાં ૪૬મો રેંક લાવી પસંદગી પામ્યા છે. તેઓએ ભાવનગર શાંતિલાલ શાહ એન્જી. કોલેજમાં ૨૦૧૮માં B.A. (મીકે.) નો અભ્યાસ કરેલ છે. તેઓને ખરક સમાજ દર્પણ અભિનંદન પાઠવે છે. સંપર્ક : ૯૭૨૬૧ ૦૨૯૯૨

ઠળિયા : ઠળિયા તા. તળાજા. જિ. ભાવનગરની ગ્રામ પંચાયતની ચૂંટણીમાં આપણા જ્ઞાતિજનો ચૂંટાયા તે આપણા સૌ માટે ગૌરવની બાબત છે. સૌ અભિનંદનને પાત્ર છે.



કંચનબેન ઓઘડભાઇ કોરડિયા
પ્રભારી, તાલુકા પંચાયત - ઠળિયા



દિનેશભાઇ મેપાભાઇ ટાઢા
સભ્ય, ગ્રામ પંચાયત - ઠળિયા



પ્રકાશભાઇ લક્ષ્મણભાઇ વળિયા
સભ્ય, ગ્રામ પંચાયત - ઠળિયા



વેલજીભાઇ કે. ટાઢા
સભ્ય, ગ્રામ પંચાયત - ઠળિયા

## સમાચાર દર્પણ



નૈપ : રાષ્ટ્રીય પર્વ પ્રજાસત્તાક દિન નિમિત્તે કુમાર પ્રાથમિક શાળા - નૈપમાં યોજાયેલ ધ્વજવંદન કાર્યક્રમમાં ગત વરસે નૈપ સરકારી શાળામાં ધો. ૧૦માં પ્રથમ સ્થાન મેળવનાર ટાઢા ગીતાબેન સવજીભાઇના વરદ હસ્તે ફરકાવવામાં આવ્યો. ખરક જ્ઞાતિની દીકરીને મળેલું આ ગૌરવ આપણી સમગ્ર જ્ઞાતિનું પણ ગૌરવ છે. ખરક સમાજ દર્પણ અભિનંદન પાઠવે છે.

બુસ્ટર ડોઝ - મહુવા શ્રી મહુવા ખરક જ્ઞાતિ સોનાવાલાબાગ - મહુવા તાજેતરમાં તા. ૨૪/૨/૨૨ ના રોજ યોજાયેલ બુસ્ટર ડોઝના વેકસીનેશન કેમ્પમાં જ્ઞાતિના ૪૪૭ લોકોએ લાભ લીધો. આ કેમ્પમાં તથા અગાઉના વેકસીનેશન કેમ્પમાં મદદરૂપ થનાર ડૉ. પ્રવીણભાઇ કામળિયા, ડૉ. મુકેશભાઇ ભોજાણી તથા અર્બન હેલ્થ સેન્ટર-૧ (મહુવા) તથા શ્રી મહુવા ખરક જ્ઞાતિ ટ્રસ્ટીઓ જગદીશભાઇ ખોડિફાડ તથા કનૈયાલાલ કાપડિયા તથા જયસુખભાઇ આર. સેંતા તથા વિનોદભાઇ ખોડિફાડ તથા જ્ઞાતિના આગેવાનો, મિત્રોએ કેમ્પને સફળ બનાવવા જહેમત ઉઠાવી.



ભાવનગરના ડૉ. શ્રી રવિભાઇ ગણેશભાઇ ટાઢા (ઓર્થોપેડીક સર્જન) તા. ૨/૨/૨૨ ના શુભ દિવસથી ભાવનગરની પ્રખ્યાત હૉસ્પિટલ પ્લસ+ મલ્ટિ સ્પેશ્યાલિટી હૉસ્પિટલ ગોપાલ આર્કેડ, ટોપથ્રી સર્કલ પાસે, તળાજા રોડ, ભાવનગરમાં ફૂલ ટાઇમ ઓર્થોપેડીક ડૉક્ટર તરીકે જોડાયા. તેઓ પાટણા, માંડવી, ભાવનગર, જુનાગઢ વગેરે જગ્યાએ કામ કરી ચૂક્યા છે. તેઓ યશસ્વી બને તેવી શુભેચ્છા પાઠવીએ. સંપર્ક : રીસેપ્શન : ૬૩૫૯૫૯૯૦૯૦ ઇમરજન્સી : ૬૩૫૯૫૯૯૨૯૨

## અભિનંદન

મહુવા : મહુવા માર્કેટીંગ યાર્ડ - મહુવા વેપારી વિભાગમાંથી તાજેતરમાં ડાયરેક્ટર તરીકે ચૂંટાયેલ જ્ઞાતિબંધુઓ.



અશોકભાઇ અરજણભાઇ સેંતા
નિલકંઠ ઓઇલ મીલ - મહુવા



સેંતા પંકજભાઇ અરજણભાઇ
ન્યુ ઇન્ડિયન હાઇડ્રેશન - મહુવા

## મૃત્યુ નોંધ

જાન્યુ/ફેબ્રુ - ૨૦૨૨

રાણીવાડા : કામળિયા મોતીબેન દામજીભાઇ (૧૦૧) ૫/૧/૨૨
મહુવા : કાપડિયા નાગજીભાઇ રવજીભાઇ (૮૦) ૬/૧/૨૨
ભુંભલી : કામળિયા ઘુઘાભાઇ શીવાભાઇ (૮૫) ૮/૧/૨૨
વાળુકડ : પટેલિયા પુરીબેન રાણાભાઇ (૮૧) ૮/૧/૨૨
કુંભણ : સેંતા ઝુંઝાભાઇ ડાયાભાઇ (૫૦) ૧૧/૧/૨૨
તરેડ : સોલંકીવળિયા મનજીભાઇ મેપાભાઇ (૭૯) ૧૧/૧/૨૨
હમીરપરા : ભોજાણી મયુરભાઇ નાનુભાઇ (૬૨) ૧૧/૧/૨૨
કુંભણ : કાપડિયા લીલીબેન માધાભાઇ (૭૪) ૧૧/૧/૨૨
મણાર : ચભાડિયા ગોદાવરીબેન ભગવાનભાઇ (૧૧૧) ૧૧/૧/૨૨
કુંભણ : ઢેઢી ઊજીબેન ભાયાભાઇ (૯૫) ૧૩/૧/૨૨
જસપરા : ભોળાણી : અંજુબેન ભીખાભાઇ (૫૮) ૧૩/૧/૨૨
ઉમણિયાવદર : સોલંકીવળિયા કાબાભાઇ ભાણાભાઇ ૧૫/૧/૨૨
ભુંભલી : ગોહિલ જમકુબેન વરસાભાઇ (૧૦૫) ૧૫/૧/૨૨
બોરડા : સુરાણી જીવાભાઇ ટપુભાઇ (૯૦) ૧૭/૧/૨૨
ત્રાપજ : પટેલિયા તલુબેન કેશવભાઇ (૯૯) ૨૦/૧/૨૨
દકાના : ભોળાણી કાળીબેન નાથાભાઇ (૮૫) ૨૦/૧/૨૨
પાદરગઢ : કુચા ડાયાભાઇ નાનજીભાઇ (૬૫) ૨૧/૧/૨૨
વાળુકડ : પટેલિયા નાગજીભાઇ ભીખાભાઇ (૯૩) ૨૪/૧/૨૨
ઠળિયા : ટાઢા બાલીબેન મઘાભાઇ (૧૦૧) ૨૫/૧/૨૨
થોરાળી : ખીમાણી દામજીભાઇ ભવાનભાઇ (૮૦) ૨૫/૧/૨૨
વાળુકડ : પટેલિયા ખીમજીભાઇ શામજીભાઇ (૭૬) ૨૭/૧/૨૨
કુંડવી : કાપડિયા નાથાભાઇ લાલાભાઇ (૭૭) ૨૫/૧/૨૨
ઠળિયા : ઢેઢી દિવાળીબેન ગોવિંદભાઇ (૯૫) ૨૮/૧/૨૨
મોરંગી : પટેલિયા લાખાભાઇ વાલાભાઇ (૮૦) ૨૯/૧/૨૨
મહુવા : ઢેઢી સુખાભાઇ મોહનભાઇ (૫૨) ૩૦/૧/૨૨
ત્રાપજ : પટેલિયા રાજુભાઇ ખાટાભાઇ (૪૦) ૩૦/૧/૨૨
વસઇ(વાલીવ) : કાપડિયા નાનીબેન રામજીભાઇ (૯૨) ૨૯/૧/૨૨
બપાડા : વળિયા ભીખાભાઇ ભવાનભાઇ (૭૫) ૨૯/૧/૨૨
ઉખરલા : ખીમાણી લક્ષ્મીબેન ભીમાભાઇ (૮૫) ૩૧/૧/૨૨
મહુવા : ભૂત વશરામભાઇ નાથાભાઇ (૬૬) ૩૧/૧/૨૨
કુંભણ : પટેલિયા લાલજીભાઇ ટપુભાઇ (૭૩) ૩૧/૧/૨૨
ભુંભલી : સેંતા ગફૂલભાઇ કેશવભાઇ (૮૧) ૨/૨/૨૨
મહુવા : ભોજાણી જીણીબેન કરશનભાઇ (૮૦) ૩/૨/૨૨
ભંડારિયા : પટેલિયા કરસનભાઇ રવજીભાઇ (૬૨) ૩/૨/૨૨
થોરડી : સુરાણી ઉકાભાઇ સુખાભાઇ (૮૦) ૫/૨/૨૨
વાળુકડ : કોરડિયા પાર્વતીબેન પ્રેમજીભાઇ (૭૯) ૫/૨/૨૨
મહુવા : કોરડિયા ગોવિંદભાઇ ભોજાભાઇ (૮૦) ૭/૨/૨૨
ત્રાપજ : કુચા મોહનભાઇ (ગદાભાઇ) વાલજીભાઇ (૮૫) ૭/૨/૨૨
નૈપ : ટાઢા વાલાભાઇ માવજીભાઇ (૮૩) ૮/૨/૨૨
ગુંદરણા : કુચા વિઠ્ઠલભાઇ ડાયાભાઇ (૬૨) ૧૦/૨/૨૨
તળાજા : સોલંકી કાળુભાઇ ઝુંઝાભાઇ (૭૪) ૧૦/૨/૨૨
થોરડી : કુચા સોનાબેન ઠાકરશીભાઇ (૮૫) ૯/૨/૨૨
મહુવા : કાપડિયા મનુભાઇ ઓઘડભાઇ (૫૫) ૧૫/૨/૨૨
સાણોદર : કાપડિયા ભૂપતભાઇ બાલાભાઇ (૪૧) ૧૬/૨/૨૨
ભેગાળી : ઠંઠવળિયા નક્ષ દેવરાજભાઇ (૦૬) ૧૬/૨/૨૨
સાંખડાસર ૨ : સાંગાણી ઓતીબેન ઘુસાભાઇ (૯૦) ૧૭/૨/૨૨
ત્રાપજ : વળિયા લાલજીભાઇ ગૌરાભાઇ ૧૮/૨/૨૨
મહુવા : ભાલરિયા મણિબેન રત્નાભાઇ (૧૧૧) ૨૨/૨/૨૨
ઠળિયા : ઢેઢી શામજીભાઇ નારણભાઇ ૨૩/૨/૨૨
ભંડારિયા : ભોજાણી કાળાભાઇ કરશનભાઇ (૮૨) ૨૨/૨/૨૨

# ક્રિશિવ હોસ્પિટલ
## વુમન્સ કેર & I.V.F. સેન્ટર

KRISHIV
REDEFINING WOMEN'S HEALTH

# બીજા વર્ષ માં મંગળ પ્રવેશ





**ડૉ. દિનેશ. જે. ટાઢા (પટેલ)**
(M.S.(Gynaec), FMAS)

- સ્ત્રી રોગ નીષ્ણાંત
- લેપ્રોસ્કોપીક સર્જન
- IVF Specialist

માત્ર 1.10 લાખમાં બે IVF Cycle

અપોઈમેન્ટ માટે
9998954445

## સુવિધાઓ

- મેડીક્લેમની સુવિધા
- પ્રસૂતિગૃહ
- IUI સેન્ટર
- અધતન IVF સેન્ટર
- લેપ્રોસ્કોપી સેન્ટર
- 3D-4D સોનોગ્રાફિ સેન્ટર

- IVF (ટેસ્ટ ટયુબ બેબી) માર્ગદર્શન કેમ્પ
- 0% INTEREST RATE AVAILABLE
- EMI સુવિધા ઉપલબ્ધ

૧૦૧, પહેલો માળ, લા-સિટાડેલ કોમ્પ્લેક્ષ, CNG પમ્પ ની બાજુમાં, કાંગારૂ સર્કલ પાસે પૂણા પાટિયા, સુરત

# શ્રી રામ

ઈન્સ્યોરન્સ & ઓટો એડવાઈઝર

હોટલ દિપની સામે, શિવધારા ગેસ્ટ હાઉસની બાજુમાં, મહુવા ચોકડી-તળાજા.

## ઘર બેઠા ડ્રાઈવીંગ લાયસન્સ રિન્યુ માત્ર રૂા.700

દુ-વ્હીલર થર્ડ પાર્ટી વિમો રૂા. 888 વાળો માત્ર રૂા. 850

ફોર-વ્હીલર થર્ડ પાર્ટી વિમો રૂા. 2450 થી શરૂ

જીજ્ઞેશ સેંતા મો.9913632323

- તમામ પ્રકારના વાહનોના નામ ટ્રાન્સફર.
- પ્રાઈવેટ વાહનનું રીન્યુ ઓફ રજીસ્ટ્રેશન-5 વર્ષ.
- તમામ પ્રકારના વાહનના વિમાને લગતા કામ.
- નવા લાઈસન્સ, રીન્યુ લાઈસન્સ, ડુપ્લીકેટ લાઈસન્સ.
- લાઈસન્સમા કલાસ ઉમેરવા તેમજ હેવી લાઈસન્સ.
- તમામ પ્રકારના વાહનોની સરકાર માન્ય નંબર પ્લેટ.
- નવા ટ્રેલર(લારી) રજીસ્ટ્રેશન .

## R.T.O. તેમજ વિમાના કામના સલાહકાર

હોટલ દિપની સામે, શિવધારા ગેસ્ટ હાઉસની બાજુમાં,
મહુવા ચોકડી - તળાજા.

## જ્ઞાતિ ભોજન



મહુવા : પરશોત્તમભાઈ રત્નાભાઈ ભાલરિયા તથા મનસુખભાઈ ગફૂલભાઈ ભાલરિયા (બી.એસ.આર. ફૂડઝ મહુવા) તથા એન્કર ફૂડઝ (મહુવા) ના માતૃશ્રી સ્વ. મણિબેન રત્નાભાઈ ભાલરિયા (૧૧૧) તા. ૨૨/૨/૨૨ ના રોજ અવસાન પામેલ. તેમના ઉત્તર કારજ નિમિત્તે તા. ૪/૩/૨૨ ના રોજ સાંજે ૫ વાગ્યે મહુવા ખરક જ્ઞાતિની નાત સોનાવાલાબાગ મહુવામાં રાખવામાં આવેલ.



મહુવા : છગનભાઈ ભવાનભાઈ તથા શ્રી સવજીભાઈ છગનભાઈ ઠંઠ (માહિર ફૂડ - ભાદ્રોડ) દ્વારા મહુવાના નવા નિવાસ સ્થાને ગૃહ શાંતિ યજ્ઞ તથા હેપી કીડઝ સ્કૂલ - મહુવામાં હોમાત્મક શ્રી નવચંડી યજ્ઞ તથા માહિર ના જન્મ દિવસ નિમિત્તે સમગ્ર મહુવાની નાતનું જમણવાર તા. ૫/૩/૨૨ ના રોજ સોનાવાલાબાગમાં રાખવામાં આવેલ. સંપર્ક : ઘર : પ્લોટ નં. ૨૩/૨૪, કાપડિયા નગર, મહુવા. શાળા : હેપી કિડઝ પ્રિ એન્ડ પ્રાઈમરી સ્કૂલ. હનુમંત હૉસ્પિટલ પાછળ, મહુવા. ફોન : ૯૦૯૯૫૧૫૨૦૦

અમદાવાદ : લીલીવાવ નિવાસી લાલજીભાઈ પ્રાગજીભાઈ ભૂત તથા અ.સૌ. વર્ષાબહેન લાલજીભાઈ ભૂતના સુપુત્ર ચિ. રાકેશ (Mech PG) તથા ચિ. રવિકુમાર (BDS) ના શુભ લગ્ન પ્રસંગે સમગ્ર અમદાવાદના જ્ઞાતિબંધુઓ માટે તા. ૬/૩/૨૨ ને રવિવારે જ્ઞાતિ ભોજન રાખવામાં આવ્યું. જેમાં ૨૮૦૦ જેટલા જ્ઞાતિજનો ઉપસ્થિત રહ્યા.

## જ્ઞાતિ પ્રથમ



મહુવા : રાણીવાડાના વતની ડૉ. મગનભાઈ આર. કામળિયા આપણી જ્ઞાતિના પ્રથમ ગાયનેક M.D. (૧૯૯૬) ડૉક્ટર છે. શરૂઆતમાં બે વરસ સરકારી હૉસ્પિટલમાં નોકરી કર્યા બાદ ૧૯૯૮ થી પાર્થ મેટરનિટી હોમ કુબેર બાગ, મહુવા શરૂ કરેલ. જેનું આજે રજત જયંતિ વર્ષ (૨૫મું) યશસ્વી વરસ ચાલે છે. તેઓએ જ્ઞાતિના તથા ગામના કામમાં હંમેશા રસ દાખવી તન, મન, ધનથી કામ કરેલ છે.

## પ્રતિનિધિ ગામે ગામ



કામળિયા અનિલભાઈ નારણભાઈ
પ્રાથમિક શિક્ષક પ્રા. શાળા ભોળાદ (શિહોર)
ઊખરલા
મો. ૯૮૨૪૧ ૧૦૬૩૩



પ્રવીણભાઈ જી. ઢેઢી
(શ્રીજી પાન એન્ડ કોલ્ડ્રીંક)
લીલીવાવ
મો. ૯૯૨૪૯ ૧૧૮૦૫



ભાવેશભાઈ ધીરૂભાઈ સોલંકી
(આચાર્ય કન્યા શાળા મણાર)
દેવલી



સોંડાભાઈ કાળાભાઈ કાપડિયા
ગુંદરણા
મો. ૯૮૭૯૧ ૭૪૬૪૩

## સાયબર સફર

ખરક સમાજ દર્પણ - હવે વેબ બ્લોગ સ્વરૂપે પણ જોઈ શકાય છે. તેમાં વિવિધ વિભાગો દ્વારા તમે આંગળીના ટેરવે ઘણી માહિતી મેળવી શકો છો. તો તે માટે આ લીંક અવશ્ય જોજો.

http://kharaksamajdarpan.in

વ્યવસાય ડિરેક્ટરી - સમસ્ત ખરક સમાજની તમામ વ્યવસાયની ડીઝીટલ ડિરેક્ટરી તૈયાર થઈ રહી છે. જેમાં દુકાન, ઓફિસ, કારખાનું, ફેક્ટરી કે પેઢીની માહિતી આપવામાં આવશે. આપ પણ નીચેની લીંકમાં તમામ વિગત ભરી સાથે વીજીટીંગ કાર્ડ એટેચ કરી આજે જ તમારી માહિતી મોકલી આપો.

https://forms.gle/xBgwyyT785gdLgLaA

ખરક સમાજને કાયમી ઉપયોગી બની રહે તેવી ખરક સમાજ પરિવાર દર્પણ એપ, સોફ્ટવેર, ડીઝીટલ બુક બનાવવા આપણે સમસ્ત ખરક સમાજની પ્રથમવાર વસ્તી ગણતરી કરી રહ્યા છીએ તો આળસ કર્યા વગર તમોને મોકલવામાં આવેલ વસ્તી ગણતરી પત્રક - ૨૦૨૨ આપે ફરજિયાત ભરવાનું છે. સાથે નીચે આપેલ લીંકમાં પણ આપ ઘરદીઠ મુખ્ય વ્યક્તિના નામ સાથે તમારી વિગત અવશ્ય ભરશો.

https://forms.gle/FQLsvScMTZ5KfUDN9



Your Trust In Us Keeps Us Going

# BHOJANI GITABEN NARSHIBHAI




શેરબઝાર,કોમોડિટી,
મ્યુચલફંડ,પાનકાર્ડ
અને પાસપોર્ટ સર્વિસ

નરશી ભોજાણી: 8/9 ફર્સ્ટ ફ્લોર
બજરંગદાસબાપા કોમ્પ્લેક્સ વસીતળાવ
મહુવા 364290

નિલેશ ભોજાણી : સંઘવી પાર્ક,જોગરપાર્ક ની
સામે આતાભાઈ રોડ ગઘેડીયા ફિલ્ડ સામે
ભાવનગર 364001

RELIGARE | BROKING
Values that bind